अथ श्रीसटीक रामरक्षा प्रारंभः


प.
रा.
सी.
ल.
मा.

२७७२

॥ श्रीगणेशायनमः ॥

॥ श्रीसीतारामचंद्राभ्यांनमः॥ अस्यश्रीरामरक्षास्तो
त्रमंत्रस्य ॥ बुधकौशिकऋषिः ॥ श्रीसीतारामचंद्रोदे
वता॥ अनुष्टुप्छंदः॥ सीताशक्तिः॥ श्रीमद्धनूमान्की
लकं ॥ श्रीरामचंद्रप्रीत्यर्थेरामरक्षास्तोत्रमंत्रजपेवि
नियोगः॥ ध्यानं॥ ध्यायेदाजानुबाहुंधृतशरधनुषंबद्ध
पद्मासनस्थंपीतंवासोवसानंनवकमलदलस्पर्द्धिनेत्रं
प्रसन्नं॥ वामांकारूढसीतामुखकमलमिलल्लोचनंनी
रदाभंनानालंकारदीप्तंदधतमुरुजटामंडनंरामचंद्रं १
इतिध्यानं॥ श्रीरामरक्षास्तोत्रं ॥

આ રામરક્ષાસ્તોત્રરૂપ મંત્રના, ઋષિ બુધ કૌશિક છે, દેવતા શ્રી સીતા રામચંદ્ર છે,

છંદ અનુષ્ટુપ છે, શક્તિ શ્રી સીતા છે, કીલક શ્રી હનુમાન છે, શ્રી રામચંદ્રને પ્રસન્ન કરવા માટે રામરક્ષા સ્તોત્રનો પાઠ કરવા.

અથધ્યાન—ગોઠણ સુધી જેના લાંબા હાથ છે, ધનુષબાણ જેણે ધર્યાં છે, બ્રહ્માસન વાળીને જે બેઠા છે, પીળા વસ્ત્ર જેણે પહેર્યાં છે, નવાં કમળનાં દળ કરતાં સુંદર જેનાં નેત્ર છે, જે પ્રસન્ન છે, ડાબી બાજુએ બેઠેલાં સીતાના મુખકમળ ઉપર જેના નેત્ર પડે છે, મેઘના સરખી જેની કાન્તિ છે, અનેક પ્રકારના અલંકારોથી જે શોભે છે. અને જે મોટી જટારૂપ આભુષણને ધારણ કરે છે તે શ્રી રામચંદ્રનું હું ધ્યાન ધરૂં છું.

॥ अथ रामरक्षास्तोत्रारंभः ॥

चरितं रघुनाथस्य शतकोटिप्रविस्तरं ॥
एकैकमक्षरं पुंसां महापातकनाशनं ॥ १ ॥

શ્રી રામચંદ્રજીનું ચરિત સો કરોડના વિસ્તારવાળું છે અને એકેક અક્ષર તે માણસોનાં મહાપાપને નાશ કરનારૂં છે, ૧

ध्यात्वा नीलोत्पलश्यामं रामं राजीवलोचनं ॥
जानकीलक्ष्मणोपेतं जटामुकुटमंडितं ॥ २ ॥
सासितूणधनुर्बाणपाणिं नक्तंचरांतकं ॥

स्वलीलया जगत्त्रातु माविर्भूतमजं विभुं ॥ ३ ॥

નીલાં કમળના જેવી શ્યામ મુર્તિ છે, એવા કમળ સરખાં નેત્રવાળા સીતાજી અને લક્ષ્મણજી સહિત, જટાથી અને મુગટથી શાભીતા, તરવાર સહિત ભાથા અને ધનુષબાણુ જેના હાથમાં છે એવા, રાક્ષસોના કાળરૂપ (નાશ કરનાર) અને જગતનું રક્ષણ કરવા માટે પોતાની લીલાથી જે પ્રકટ થયાછે, જન્મવગરના અને સમર્થ એવા શ્રી રામચંદ્રજીનું ધ્યાન ધરીને ડાહ્યા માણસે પાપને ટાળનારી અને સર્વ કામનાને પુરનારી આ રામરક્ષાનો પાઠ કરવો. ૩

रामरक्षां पठेत्प्राज्ञः पापघ्नीं सर्वकामदां ॥
शिरो मे राघवः पातु भालं दशरथात्मजः ॥ ४ ॥
कौसल्येयो दृशौ पातु विश्वामित्रप्रियः श्रुती ॥
घ्राणं पातु मखत्राता मुखं सौमित्रिवत्सलः ॥ ५ ॥

રઘુકુળમાં પ્રકટેલા પ્રભુ મારા માથાની રક્ષા કરો. દશરથના પુત્ર મારા કપાળની રક્ષા કરો. કૌશલ્યાના પુત્ર મારી આંખોની રક્ષા કરો. વિશ્વામિત્રના પ્યારા મારા બે કાનની રક્ષા કરો. યજ્ઞનું રક્ષણ કરનારા મારી નાસિકાની રક્ષા કરો. લક્ષ્મણજીના પ્યારા મારા મુખની રક્ષા કરો. ૫

जिव्हांविद्यानिधिःपातु कंठंभरतवंदितः॥
स्कंधौदिव्यायुधःपातु भुजौभग्नेशकार्मुकः ॥ ६ ॥

વિદ્યાના ભંડાર મારી જીભની રક્ષા કરો ભરતજીએ નમસ્કાર કરેલા રામચંદ્ર મારા કંઠની રક્ષા કરજો. દિવ્ય આયુધને ધારણ કરનારા રામચંદ્ર મારા ખભાની રક્ષા કરજો. શિવના ધનુષ્યને ભાંગનારા રામચંદ્ર મારા ભુજની રક્ષા કરજો. ૬

करौसीतापतिःपातु हृदयंजामदग्न्यजित् ॥
मध्यंपातुखरध्वंसी नाभिंजांबवदाश्रयः॥७॥

સીતાના પતિ રામચંદ્ર મારા હાથની રક્ષા કરજો. પરશુરામને જીતનાર રામચંદ્ર મારા હ્રદયની રક્ષા કરજો. ખર દૈત્યને મારનારા રામચંદ્ર મારા મધ્યની રક્ષા કરજો. જાંબુવાનના આશ્રયરૂપ રામચંદ્ર મારી નાભીની રક્ષા કરજો. ૭

सुग्रीवेशःकटीपातु सक्थिनीहनुमत्प्रभुः॥
ऊरूरघूत्तमःपातु रक्षःकुलविनाशकृत् ॥ ८ ॥

સુગ્રીવના ઈશ્વર રામચંદ્ર મારી કડની રક્ષા કરજો, હનુમાનના પ્રભુ રામચંદ્ર મારી બે સકિથની રક્ષા કરો. રક્ષકુળનો નાશ કરનારા રઘુકુળમાં ઉત્તમ રામચંદ્ર મારાં બે સાથળની રક્ષા કરો. ૮

जानुनीसेतुकृत्पातु जंघेदशमुखांतकः॥

पादौबिभीषणःश्रीदः पातुरामोऽखिलंवपुः ॥ ९ ॥

સમુદ્રપર સેતુ બાંધનારા રામચંદ્ર મારા ગોઠણની રક્ષા કરજો. રાવણનો નાશ કરનારા રામચંદ્ર મારી જંઘાની રક્ષા કરજો. વિભીષણને સંપત્તી આપનારા રામચંદ્ર પગની રક્ષા-કરો, અને રામચંદ્રજી આખાં શરીરની રક્ષા કરો. ૯

एतांरामबलोपेतां रक्षांयःसुकृतीपठेत् ॥

सचिरायुःसुखीपुत्री विजयीविनयीभवेत् ॥ १० ॥

સુકૃત કરનારો જે માણસ આ રામના બળવાળી રક્ષાનો પાઠ કરે તે લાંબી આયુષ્યવાળો થાય, સુખી થાય પુત્ર પામે, જય મેળવે અને વિનયવાળો થાય. ૧૦

पातालभूतलव्योम चारिणश्छद्मचारिणः॥

नद्रष्टुमपिशक्तास्ते रक्षितंरामनामभिः॥ ११॥

શ્રી રામચંદ્રજીના નામથી જેને રક્ષા થઈ હોય તેને પાતાળમાં પૃથ્વી ઉપર અને આ-કાશમાં ફરનારા દઇત્યો જોવાને પણ સમરથ થતા નથી. ૧૧

रामेतिरामभद्रेति रामचंद्रेतिवास्मरन् ॥

नरोनलिप्यतेपापै र्भुक्तिंमुक्तिंचविंदति ॥ १२ ॥

રામ, રામભદ્ર, અથવા રામચંદ્રનું જે સ્મરણ કરે છે તે માણસ કોઈ દિવસ પાપથી ન લેવાતાં સુખ પામે છે અને મોક્ષને મેળવે છે. ૧૨

जगज्जैत्रेकमंत्रेण रामनाम्नाभिरक्षितं ॥
यः कंठधारयेत्तस्य करस्थाःसर्वसिद्धयः ॥ १३ ॥

જગતને જીતનારા એક રામનામના મંત્રથી જેમાં રક્ષા કરવામાં આવી છે એવું આ સ્તોત્ર કોઈ પાઠ કરે તો તેને સર્વ સિદ્ધિયો પાસે આવી રહેછે. ૧૩

वज्रपंजरनामेदं योरामकवचंस्मरेत् ॥
अव्याहताज्ञः सर्वत्र लभतेजयमंगलं ॥ १४ ॥

વજ્રપીંજર નામના આ રામકવચને જે સંભારે તે અખંડ જ્ઞાનવાળો થાય છે અને સર્વ ઠેકાણે કીરતીરૂપ કલ્યાણને મેળવે છે. ૧૪

आदिष्टवान्यथास्वप्ने रामरक्षामिमांहरः ॥
तथालिखितवान्प्रातःप्रबुद्धोबुधकौशिकः॥ १५

શ્રી સદાશિવે જે પ્રમાણે આ રામરક્ષા વિશ્વામિત્ર ઋષીને સ્વપ્નમાં આવીને કહી તેજ પ્રમાણે તે બુદ્ધિવાન ઋષિએ સહવારમાં જાગીને લખી લીધી છે. ૧૫

आरामःकल्पवृक्षाणां विरामःसकलापदां ॥
अभिरामस्त्रिलोकानांरामःश्रीमान्सनःप्रभुः १६

સરવ કલ્પવૃક્ષોના આ રામરૂપ, સઘળી વિપત્તીઓને દુર કરનારા, અને ત્રિલોકીને આનંદ આપનારા શ્રીમાન રામચંદ્રજી અમારા પ્રભુ છે. ૧૬

तरुणौरूपसंपन्नौसुकुमारौमहाबलौ ॥
पुंडरीकविशालाक्षौ चीरकृष्णाजिनांबरौ ॥१७॥

જુવાન અવસ્થાવાળા, અને રૂપવાળા સુકુમાર શરીરવાળા, મહાબળવાળા, કમળા સરખાં વિશાળ નેત્ર વાળા, જુના મૃગચરમરૂપ વસ્ત્ર ધરનારા. ૧૭

फलमूलाशनौदांतौ तापसौब्रह्मचारिणौ ॥
पुत्रौदशरथस्यैतौ भ्रातरौरामलक्ष्मणौ ॥ १८ ॥

ફળમૂળ ભક્ષણ કરનારા, ઇંદ્રિયોને વશ રાખનારા, તપ કરનાર, બ્રહ્મચરય પાળનાર, અને દશરથના પુત્ર એવા આ શ્રી રામ અને લક્ષ્મણ, ૧૮

शरण्यौसर्वसत्वानां श्रेष्ठौसर्वधनुष्मताम् ॥
रक्षःकुलनिहंतारौ त्रायेतांनोरघूत्तमौ ॥ १९ ॥

કે જે સરવ પ્રાણીયોને શરણ જાવા યોગ્ય છે, સરવ ધનુરધારીઓમાં ઉત્તમ અને રાક્ષસોના કુળના નાશ કરનાર છે, તે બે રઘુવંશના ઉત્તમ પુરૂષ અમારી રક્ષા કરો. ૧૯

आत्तसज्जधनुषाविषुस्पृशावक्षयाशुगनिषंगसंगिनौ॥ रक्षणायममरामलक्ष्मणावग्रतःपथिसदैवगच्छतां ॥ २० ॥

સજજ કરેલું ધનુષ જેમણે ચડાવ્યું છે એવા બાણનો સ્પરશ કરનારા અને જેમાં બાણ ખુટે નહીં એવા ભાથાઓ જેને સંગે છે એવા શ્રી રામ લક્ષ્મણ મારૂં રક્ષણ કરવા માટે પૃથ્વી ઉપર સદૈવ આગળ ચાલજો. ૨૦

सन्नद्धःकवचीखड्गी चापबाणधरोयुवा॥
गच्छन्मनोरथोस्माकं रामःपातुसलक्ष्मणः॥ २१॥

નમ્રતાવાળા, કવચ પેહેરેલા ખડ્ગ ધારણ કરેલા, અને ધનુષબાણ ધરનારા યુવાન શ્રી રામચંદ્ર લક્ષ્મણજી સાથે રહી માર્ગે ચાલતાં અમારા મનોરથની રક્ષા કરો. ૨૧

रामोदाशरथिःशूरो लक्ष्मणानुचरोबली ॥
काकुत्स्थःपुरुषःपूर्णः कौसलेयोरघूत्तमः ॥ २२ ॥

દશરથ રાજાના પુત્ર શુર વીર, લક્ષ્મણ જેની સેવા કરે છે એવા, બળિયા, કકુત્સ્થ કુળમાં જન્મેલા પુરૂષ, સર્વ કામનાથી ભરેલા, કૌસલ્યાના પુત્ર, રઘુકુળમાં ઉત્તમ, ૨૨

वेदांतवेद्योयज्ञेशःपुराणपुरुषोत्तमः ॥
जानकीवल्लभःश्रीमानप्रमेयपराक्रमः ॥ २३ ॥

વેદાંતથી જાણી શકાય એવા, યજ્ઞોના ઈશ્વર, પુરાણ પુરૂષમાં ઉત્તમ, જાનકીજીના પતિ, શોભાયમાન, જેનું પરાક્રમ જાણી ન શકાય એવિ, ૨૩

इत्येतानिजपेन्नित्यं मद्भक्तःश्रद्धयान्वितः ॥
अश्वमेधायुतंपुण्यं लभतेनात्रसंशयः ॥ २४ ॥

એપ્રમાણે એટલા નામ મારા ભક્તે શ્રદ્ધા રાખીને વાંચવાં અથવા પાઠ કરી લેવાં તો અશ્વમેધ યજ્ઞ કરવાના પુણ્યથી વધારે પુણ્ય તે પાંમેછે તેમાં કાંઈ સંદેહ નથી. ૨૪

रामंदुर्वादलश्यामं पद्माक्षंपीतवाससं ॥

स्तुवंतिनामभिर्दिव्यै र्नतेसंसारिणोनरः ॥ २५॥

દુર્વાના દલ જેવા શ્યામવર્ણવાળા; કમળના સરખાં નેત્રવાળા અને પીળા વસ્ત્ર પહેરનારા શ્રી રામચંદ્રને જેઓ દિવ્ય નામોથી સ્તુતિ કરે છે તે પુરૂષો જન્મ મરણને પામતા નથી. ૨૫

रामंलक्ष्मणपूर्वजंरघुवरंसीतापतिंसुंदरं
काकुत्स्थंकरुणार्णवंगुणनिधिंविप्रप्रियंधार्मिकं
राजेंद्रंसत्यसिंधुंदशरथतनयंश्यामलंशांतमूर्तिंवंदेलो
काभिरामंरघुकुलतिलकंराघवंरावणारिं॥ २६ ॥

શ્રી રામચંદ્રજી કે જે લક્ષ્મણજીના મોટા ભાઈ છે, રઘુકુળમાં ઉત્તમ છે, સીતાના પતિ છે, સુંદર છે. કકુત્સ્થકુળમાં ઉત્પન્ન થયા છે, કરૂણાના સમુદ્રરૂપ છે, ગુણના ભંડારરૂપ છે, બ્રાહ્મણો જેને પ્રિય છે એવા છે, ધર્મ કરનારા છે, રાજાઓના અધિપતિ છે, સાચી પ્રતિજ્ઞાવાળા છે. દશરથના પુત્ર છે, શ્યામસ્વરૂપ છે, શાંતમુરતિવાળા છે, લોકોને આનંદ આપનારા છે, રઘુકુળને શોભાવનારા છે, અને રાવણના જે શત્રુ છે એવા રઘુકુળમાં જન્મેલા શ્રી રામચંદ્રને હું નમસ્કાર કરૂં છું. ૨૬

रामायरामभद्राय रामचंद्रायवेधसे ॥
रघुनाथायनाथाय सीतायाःपतयेनमः ॥ २७ ॥

રઘુકુળના નાથ અને સીતાના પતિ એવા શ્રી રામ કે જેના રામચંદ્ર અને રામભદ્ર એવાં નામ છે તથા જે વિધાતારૂપ છે, તેમને નમસ્કાર કરૂં છું. ૨૭.

श्रीरामरामरघुनंदनरामराम श्रीरामरामभरताग्रज रामराम ॥ श्रीरामरामरणकर्कशरामराम श्रीरामरामशरणंभवरामराम ॥ २८ ॥

હે રઘુકુળના વંશમાં થએલા હે રામ, હે રામ, હે રામ, હે રામ, હે ભરતના મોટા ભાઇ, હે રામ, હે રામ, હે રામ, હે રામ, હે રણસંગ્રામમાં કઠણ જણાતા, હે રામ, હે રામ, હે રામ, હે રામ, હે લક્ષ્મીને રમાડનારા, હે રામ, હે રામ, હે રામ, હે રામ, અમને શરણ આપો. ૨૮

श्रीरामचंद्रचरणौमनसास्मरामि
श्रीरामचंद्रचरणौवचसागृणामि ॥
श्रीरामचंद्रचरणौशिरसानमामि

श्रीरामचंद्रचरणौशरणंप्रपद्ये ॥ २९॥

શ્રી રામચંદ્રજીના ચરણને મનવડે સંભારૂં છું, શ્રી રામચંદ્રના ચરણને વચન વડે ગાઉં છું, શ્રી રામચંદ્રના ચરણને મસ્તકવડે નમું છું, અને શ્રી રામચંદ્રજીના ચરણકમળને હું શરણ થાઉં છું. ૨૯

मातारामोमत्पितारामचंद्रःस्वामीरामोमत्सखाराम चंद्रः ॥ सर्वस्वंमेरामचंद्रोदयालुर्नान्यंजानेनैवजानेन जाने ॥ ३० ॥

મારી માતા શ્રી રામચંદ્ર છે, મારા પિતા શ્રી રામચંદ્ર છે, મારા સ્વામી શ્રી રામચંદ્ર છે, મારા મિત્ર શ્રી રામચંદ્ર છે, અને મારૂં સરવસ્વ દયાળુ શ્રી રામચંદ્ર છે. બીજા કોઇને હું માતા, પિતા, સ્વામી, મિત્ર, અને સરવસ્વ જાણતો નથી, સમજતો નથી, અને ઓળખતો પણ નથી. ૩૦

दक्षिणेलक्ष्मणोयस्य वामेचजनकात्मजा ॥
पुरतोमारुतिर्यस्य तंवंदेरघुनंदनं ॥ ३१ ॥

જેની જમણી કોરે શ્રી લક્ષ્મણજી છે, જેની ડાબીકોરે શ્રી જનકનાં પુત્રી શ્રી સીતાજી

છે, અને જેની આજ્ઞા પાળનારા શ્રી હનુમાનજી છે તે શ્રી રઘુકુળના કુમાર શ્રી રામચંદ્રને હું નમસ્કાર કરૂં છું. ૩૧

लोकाभिरामंरणरंगधीरंराजीवनेत्रंरघुवंशनाथं ॥
कारुण्यरूपंकरुणाकरांतंश्रीरामचंद्रंशरणंप्रपद्ये ३२

લોકને આનંદ આપનારા, રણસંગ્રામમાં ધીરજ રાખનારા, કમળસરખાં નેત્રવાળા, રઘુવંશના નાથ, દયાની મુરતિરૂપ, અને કરૂણાથી ભરેલા શ્રી રામચંદ્રને હું શરણ જાઊંછું. ૩૨

मनोजवंमारुततुल्यवेगं जितेंद्रियंबुद्धिमतांवरिष्ठं ॥
वातात्मजंवानरयूथमुख्यंश्रीरामदूतंशरणंप्रपद्ये ३३

મનના જેવા વેગવાળા, વાયુના જેવી ગતિવાળા, ઇંદ્રિયોને જીતનારા, બુદ્ધિવાન પુરૂષોમાં વખાણવા યોગ્ય, વાયુના પુત્ર, અને વાનરાઓના યુથના મુખી, એવા શ્રી રામચંદ્રજીના દુતને (શ્રી હનુમાનજીને) હું શરણ જાઊંછું. ૩૩

कूजंतंरामरामेति मधुरंमधुराक्षरं ॥
आरुह्यकविताशाखांवंदेवाल्मीकिकोकिलं ॥ ३४

કવિતારૂપી શાખા ઉપર બેસીને મીઠાશ ઉપજે એવી રીતે "શ્રી રામ શ્રી રામ" એવી રીતે મધુર અક્ષરથી ઉચ્ચાર કરતા, એવા વાલ્મીકીરૂપી કોકિલને હું નમસ્કાર કરૂંછું. ૩૪

आपदामपहर्तारंदातारंसर्वसंपदां ॥
लोकाभिरामंश्रीरामंभूयोभूयोनमाम्यहं ॥ ३५ ॥

આપત્તિઓનો નાશ કરનાર, સરવ સંપત્તિઓને આપનારા અને લોકને આનંદ આપનારા શ્રી રામચંદ્રજીને વાર વાર હું નમસ્કાર કરૂંછું ૩૫

भर्जनंभवबीजानां मार्जनंसुखसंपदां ॥
तर्जनंयमदूतानांरामरामेतिगर्जनं ॥ ३६ ॥

રામ નામનો ઉચ્ચાર કરવો તો સંસારના બીજને ભુંજી નાખનારો (જન્મ મરણનાં કારણનો નાશ કરનારો;) સુખરૂપ સંપત્તીઓને શુદ્ધ કરનારો; અને યમના દુતોને તરછોડી નાંખનારો છે. ૩૬

रामोराजमणिःसदाविजयतेरामंरमेशंभजे
रामेणाभिहतानिशाचरचमूरामायतस्मैनमः ॥

रामान्नास्तिपरायणंपरतररामस्यदासोस्म्यहं
रामेचित्तलयःसदाभवतुमेभोराममामुद्धर॥३७

રાજાઓમાં મણી સરખા ; શ્રી રામચંદ્ર નિરંતર જયને પામે છે. લક્ષ્મીના [illegible] ચંદ્રને હું ભજું છું જે રામચંદ્રજીએ રાક્ષસોની સેનાને હણી નાખી તે શ્રી રામચંદ્રને નમસ્કાર કરૂં છું. શ્રી રામચંદ્રજીથી બીજું કોઇ શરણું જવા યોગ્ય નથી. હું શ્રી રામચંદ્રનો દાસ છું શ્રી રામચંદ્રને વિષે સદૈવ મારા ચિત્તનો લય થાઓ. હે શ્રી રામચંદ્ર મારો ઉદ્ધાર કરો. ૩૭

रामरामेतिरामेति रमेरामेमनोरमे ॥
सहस्रनामततुल्यंरामनामवरानने ॥ ३८ ॥

વારંવાર શ્રી રામનું નામ જપતો હું મનોહર રામચંદ્રને વિષે રમું છું. હે પાર્વતી; એક રામ નામ અને બીજા હજાર નામ એ બે બરાબર છે. ૩૮

इति श्रीबु[illegible]रक्षास्तोत्रंसंपूर्णम्॥श्रीसीतारामचन्द्रार्पणमस्तु॥शुभायभूयात्॥

ઇતિ શ્રી બુધકૌશિકે કરેલું રામરક્ષાસ્તોત્ર સંપુર્ણ.

છપાવી પ્રગટ કરનાર ઠા૦ વસનજી પરમાણંદ ચીનાઇ અને હીંદુસ્થાની ચાહ વેચ-નાર કાલબાદેવી રોડ નાં૦ ૧૧૮

મુંબઈ.

ટીપન પ્રીનટીંગ પ્રેસ, કાલબાદેવી.



इति श्रीरामरक्षा समाप्तः